CC-184601-2026

## -: <u>આંક – ૧ની ફરીયાદ લગત હુકમ</u> :-

અરજી વંચાણે લીધી, સાંભળ્યાં, આ કેસ હાલના આરોપી/ વાહન માલિક સામે ફરીયાદએ મોટર વ્હીકલ એકટની જોગવાઇના ભંગ બદલ દાખલ કરેલ છે. આરોપી/ વાહન માલિક સામે કેસ દાખલ થતાં સ્વેચ્છાએ કોર્ટમાં હાજર થયેલ છે. આરોપી/ વાહન માલિકની પ્લી રેકર્ડ કરતાં બિનશરતી રીતે પોતે ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે કે, ભવિષ્યમાં આવો કોઇ ગુનો નહીં કરે તથા આ પોતાનો પ્રથમ ગુનો છે તથા પોતે સામાન્ય વર્ગની વ્યકિત છે અને પોતાની રોજગારી માટે વાહન લઇ જવું ચલાવવું જરૂરી હતું. તે દરમ્યાન અજ્ઞાનતા અને શરતચુકથી જોગવાઇનો ભંગ થયેલ છે. પોતાને અગાઉ કોઇ ગુનામાં સજા થયેલ નથી કે આવો કોઇ ગુનો કરેલ નથી. પોતાના ઉપર કુટુંબની જવાબદારી છે. ભવિષ્યમાં આવી ભુલ નહીં કરે અને ટ્રાફિકના કાયદાનું પણ પાલન કરશે તેની ખાત્રી આપે છે. વધુમાં, જણાવેલ છે કે, આ સંજોગોમાં પોતાને માફ કરવામાં આવે અને કોઇ સજા કે દંડ નહીં કરતાં સુધારવા તક આપવામાં આવે.

આરોપી/ વાહન માલિકની રજુઆત સાંભળી કેસ હકીકત ધ્યાને લીધી. આરોપી / વાહન માલિકે મોટર વ્હીકલ એકટની જોગાવઇઓનો ભંગ કરેલ છે તે ધ્યાને લીધી. કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એકટમાં ઘણાં બધા સુધારા કરી દંડની રકમમાં વધારો કરેલ છે અને તેની પાછળનું કારણ લોકો ટ્રાફિકના નિયમો અને કાયદાની જોગવાઇ અનુસરે તે છે. આ ઉપરાંત ત્યારબાદ ગુજરાત સરકારે તેના અધિકારો વાપરી ગુજરાતના લોકોની આર્થિક સ્થિતિ તથા સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિ તેમજ કાયદાકીય બાબતોની જાણકારી વિગેરે ધ્યાનમાં રાખી જે ગુના માંડવાળ થવા પાત્ર હતાં તેવામાં માંડવાળની રકમ નકકી કરેલ છે.

### <u>હુકમ</u>

આ કામના આરોપી / વાહન માલિકે ફરીયાદમાં જણાવેલ ગુનો સ્વેચ્છાએ કોઇપણ જાતના દબાણ કે લાલચ વગર કબુલ કરેલ છે. આરોપી / વાહન માલિકની સ્વૈચ્છિક કબુલાત સ્વિકારી તેને એમ.વી.એકટની કલમ- ૧૭૯(૧) વિ. ના ગુનાના ભંગ બદલ સદર અધિનિયમની કલમ મુજબ શિક્ષાપાત્ર ગુના માટે બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૫, મુજબ તકસીરવાર ઠરાવી દરેક ગુના સબબ કુલ્લે રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ, દંડ ન ભરે તો દિવસ - ૦૩ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૬/૨૦૨૬ ( કિર્તીકુમાર એમ. ગોહેલ )

અમદાવાદ. ૧૫ માં, એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
(કોર્ટ નં.૨૨) અમદાવાદ શહેર.
કોડ નં.જીજે-૦૧૧૨૦